**કોવિડ-૧૯ ની કામગીરી માટે રીસર્ચ એકટીવીટી સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
હુકમ ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-૨૫૬-ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૪/૨૦૨૦

**હુકમ:-**

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ને WHO દ્વારા પેન્ડેમીક જાહેર કરેલ છે. જે ધ્યાને લઇને રાજયમાં હાલમાં પ્રવર્તતી રહેલ COVID-19 ની પરિસ્થિતિ ધ્યાને લઈ રાજયમાં એપેડેમિક ડીસીઝ એકટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃએનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧, તા.૧૩.૩.૨૦૨૦ ના નોટીફીકેશનથી રાજયમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" બહાર પાડેલ છે. ભારત સરકારની ગાઇડલાઇન અનુસાર રાજયમાં આ રોગને અટકાવવા વિવિધ અસરકારક પગલાઓ હાથ ધરવામાં આવેલ છે.

આ વિવિધ પગલાંઓના અમલ માટે રાજય સરકાર દ્વારા સ્થાપિત " **સ્ટેટ હેલ્થ સીસ્ટમ રીસોર્સ સેન્ટર (SHSRC)"** ને રીસર્ચ માટે નોડલ એજન્સી તરીકે નકકી કરવામાં આવેલ છે. તથા તે અંતર્ગત રાજયના નામાંકિત નિષ્ણાત તજજ્ઞોની બનેલી નીચે મુજબની કોવીડ-૧૯ રીસર્ચ એકટીવીટી સમિતિની રચના શરતોને આધિન કરવામાં આવે છે.

| ક્રમ | તજજ્ઞનું નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | ડૉ. આર. કે. પટેલ | કન્વીનર |
| (૨) | ડૉ. રાઘવ દિક્ષિત | સહકન્વીનર |
| (૩) | ડૉ. તેજસ પટેલ | સભ્યશ્રી |
| (૪) | ડૉ. અતુલ પટેલ | સભ્યશ્રી |
| (૫) | ડૉ. બીપીન અમીન | સભ્યશ્રી |
| (૬) | ડૉ. એ. એમ. કાદરી | સભ્યશ્રી |

**શરતો:-**

(૧) કોવીડ સંદર્ભમાં રીસર્ચની કામગીરીને પ્રોત્સાહન આપવું. (તે માટે IEC ની મદદથી કામગીરી હાથ ધરવાની રહેશે.)

(૨) રાજયમાં કોવીડ અંગેના રીસર્ચ માટેના વિવિધ વિષયો અને અગ્રતા નકકી કરવી.

C:\Users\Dell\Desktop\G-Branch Commt.docx

(૩) કોવીડ અંગેના રીસર્ચ માટેના પ્રોટોકોલ નકકી કરવા તથા તેના અમલીકરણ માટે સાનુકૂળ વાતાવરણ ઉભું કરવું અને અસરકારક રીતે રીસર્ચ થાય તે માટે યોગ્ય પગલાં લેવા.

(૪) રીસર્ચ માટેની સબ કમિટીની રચના કરવી તથા ગુણવત્તાસભર રીસર્ચ થાય તેવા પ્રયાસો કરવા.

(૫) કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ રીસર્ચ પ્રોજેક્ટોને SHSRC દ્વારા માર્ગદર્શન આપવાનું રહેશે તથા તેના પ્રોગ્રેસનું મોનીટરીંગ કરવાનું રહેશે.

(૬) આ સમિતિની અવધી તા.૩૦-૦૬-૨૦૨૦ સુધી રહેશે અને જરૂર જણાયે રાજય સરકાર તેની મુદત લંબાવી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધીત તજજ્ઞશ્રીઓ, (ઇ-મેલ મારફતે)
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી,એન.એચ.એમ., એન.એચ.એમ. ભવન, ગાંધીનગર
- સભ્યસચિવશ્રી અને નિયામકશ્રી, SIHFW, સ્ટેટ હેલ્થ સીસ્ટમ રીસોર્સ સેન્ટર (SHSRC)
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, (તમામ)
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, (ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૦